## રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧,ગાંધીનગર

### શિક્ષક અભિરુચિ કસોટી (ઉચ્ચત્તર માધ્યમિક) (TAT-HS)-૨૦૨૩

ઉચ્ચત્તર માધ્યમિક શાળા(ધોરણ ૧૧ થી ૧૨)માં શિક્ષક તરીકે નિમણૂંક મેળવવા માટેની નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો માટે શિક્ષક અભિરુચિ કસોટી (ઉચ્ચત્તર માધ્યમિક) **(TAT-HS)**-૨૦૨૩ માટે રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરના તા.૦૧/૦૭/૨૦૨૩ના જાહેરનામાં ક્રમાંક:રાપબો/TAT-HS/૨૦૨૩/૯૩૮૧-૯૪૨૩ તેમજ તેમાં તા.૧૫/૦૭/૨૦૨૩ના ક્રમાંકઃરાપબો/TAT(HS)/૨૦૨૩/૧૦૧૯૫-૧૦૨૩૫ થી ઉમેરવામાં આવેલ નવી લાયકાતથી તા.૦૫/૦૭/૨૦૨૩ થી તા.૨૦/૦૭/૨૦૨૩ દરમિયાન online આવેદનપત્રો ભરાવેલ હતા.

### **TAT(HS)**-૨૦૨૩ ગુજરાતી મીડીયમ (ગુજરાતી માધ્યમ)ની પરીક્ષાની સુચનાઓ:

TAT(HS)-૨૦૨૩ ગુજરાતી મીડીયમની તમામ વિષયોની પ્રાથમિક પરીક્ષા તા:૦૬/૦૮/૨૦૨૩ (રવિવાર) ના રોજ બપોરે ૧૨.૦૦ કલાક થી સાંજે ૦૩.૦૦ કલાક દરમિયાન યોજવામાં આવશે. આ કસોટી માટેની હોલટીકીટ તા:૩૧/૦૭/૨૦૨૩ના બપોરે ૨.૦૦ કલાકથી તા:૦૬/૦૮/૨૦૨૩ બપોરે ૧૨.૦૦ કલાક દરમિયાન http://ojas.gujarat.gov.in પરથી ડાઉનલોડ કરવાની રહેશે.

### **TAT(HS)**-૨૦૨૩ હીન્દી અને અંગ્રેજી મીડીયમ (હીન્દી અને અંગ્રેજી માધ્યમ)ની પરીક્ષાની સુચનાઓ:

TAT(HS)-૨૦૨૩ હીન્દી અને અંગેજી મીડીયમની તમામ વિષયોની પ્રાથમિક પરીક્ષા તા:૧૩/૦૮/૨૦૨૩ (રવિવાર) ના રોજ બપોરે ૧૨.૦૦ કલાક થી સાંજે ૦૩.૦૦ કલાક દરમિયાન યોજવામાં આવશે. આ કસોટી માટેની હોલટીકીટ તા:૦૭/૦૮/૨૦૨૩ના બપોરે ૦૨.૦૦ કલાકથી તા:૧૩/૦૮/૨૦૨૩ બપોરે ૧૨.૦૦ કલાક દરમિયાન http://ojas.gujarat.gov.in પરથી ડાઉનલોડ કરવાની રહેશે.

### સમગ્ર શિક્ષા અંતર્ગત કરાર આધારીત સિવિલ વર્કસ (સિવિલ ઇજનેર) ની પરીક્ષાની સુચનાઓ

સમગ્ર શિક્ષા અંતર્ગત સિવિલ વર્કસની (સિવિલ ઇજનેર) કરાર આધારિત જગ્યા ભરવા માટે ઓનલાઇન રજીસ્ટ્રેશન ફોર્મ ભરાયેલ છે. જે અનુસંધાને સિવિલ એન્જીનિયરની પરીક્ષાનું આયોજન તા.૦૬/૦૮/૨૦૨૩(રવિવાર)ના રોજ બપોરે ૧૨:૦૦ કલાક થી બપોરે ૦૧.૩૦ કલાક સુધી યોજવામાં આવેલ છે. આ પરીક્ષા માટેની હોલટિકિટ તા:૩૧/૦૭/૨૦૨૩ થી તા:૦૬/૦૮/૨૦૨૩ બપોરે ૧૨.૦૦ કલાક દરમિયાન http://www.sebexam.org પોર્ટલ પરથી ડાઉનલોડ કરવાની રહેશે. જેની તમામ સંબંધિતોએ નોંધ લેવા વિનંતી.

તા.૨૯/૦૭/૨૦૨૩ — અધ્યક્ષ, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર